તા. ૨૫.૦૩.૨૦૨૫

દિવ્ય ભાસ્કર ફ્રન્ટ પેજ. ૦૨

મોદી સ્ટેડિયમમાં ગુજરાત-પંજાબ વચ્ચે મુકાબલો

# આજે IPLની મેચ, અંદાજે 40થી 50 હજાર ટિકિટ વેચાઈ

## મેટ્રો રાત્રે 12.30 સુધી મળશે, સ્ટેડિયમ સુધી રોડ બંધ

ભાસ્કર ન્યૂઝ | અમદાવાદ

ગુજરાત ટાઈટન્સ અમદાવાદમાં નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે પંજાબ કિંગ્સ સામે રમી આઈપીએલ 2025ની સિઝનમાં પોતાના અભિયાનનો પ્રારંભ કરશે. ગુજરાત અને પંજાબ વચ્ચેની આ મેચમાં લગભગ 40-50 હજાર જેટલા દર્શકો હાજર રહી શકે છે.

પંજાબ કિંગ્સમાં રોહિત-કોહલી-ધોની જેવા ધુરંધરો ના હોવાને કારણે દર્શકો આ મેચ માટે ખાસ ઉત્સાહિત નથી. જોકે, હોમ ક્રાઉડ ગુજરાત ટાઈટન્સને પ્રથમ મેચમાં સપોર્ટ કરવા હાજર રહેશે. વળી આ મેચમાં ટિકિટની પ્રારંભિક કિંમત 499 જેટલી છે, જે મુંબઈની આગામી મેચમાં બમણી ૧૦૦ એ પહોંચી જશે.

એવામાં ઘણાં દર્શકો ઓછા દરે મેચની મજા માણવા ઉપરાંત અમદાવાદમાં રમાનાર પ્રથમ મેચ અગાઉની ઓપનિંગ સેરેમનીનો પણ આનંદ માણવા પહોંચશે. મેચને પગલે મેટ્રો પણ રાત્રે 12.30 સુધી દોડાવાશે. જ્યારે જનપથટીથી બપોરે 2થી રાત્રે મેચ પૂરી ન થાય ત્યાં સુધી વાહનચાલકો માટે બંધ રહેશે.